# નમૂનો- ૧

અગ્રતા ક્રમ -: ૨

વિભાગ :- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન : તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૮૬

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૦૮.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર : શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ)

અગ્રતા ક્રમ : ૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૫૮૬

દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુખ્ય પ્રશ્ન | દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલીઓ અરજીઓ મળેલ છે ? | માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ) |
| પેટા પ્રશ્ન-૨ | દાહોદ જિલ્લામાં મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજુર અથવા દફતરે કરવામાં આવેલ છે ? | માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ) |
| પેટા પ્રશ્ન-૩ | દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અરજીઓ નામંજુર અથવા દફતરે થવાના કારણો ? | માન.ધારાસભ્યશ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ) |
| પેટા પ્રશ્ન-૪ | દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાળવણી કરેલ જમીનો પૈકી કયા પ્રકારની અને કેટલા ચોરસ મીટરની છે ? | માન.ધારાસભ્યશ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ) |
| પેટા પ્રશ્ન-૫ | આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી કઈ નીતિ અંતર્ગત કરવામાં આવે છે તથા કઈ જોગવાઈ અંતર્ગત ફાળવવામાં આવે છે ? | માન.ધારાસભ્યશ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) |
| પેટા પ્રશ્ન-૬ | જમીન ફાળવવાની સત્તા કોને છે ? | માન.ધારાસભ્યશ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) |
| પેટા પ્રશ્ન-૭ | ગૌચર જમીન માટે ગૌચર ઘટ ના થાય તેના માટે કરેલ વ્યવસ્થા ? | |
| પેટા પ્રશ્ન-૮ | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણો/ નોર્મસ શું છે ? | |

# દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

તારાંકિત પ્રશ્ન | ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/586

વિષય:

દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 09/01/2024 | 02/02/2024 | 17/01/2024 |

*15/4/586 શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી(દાહોદ)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

Letter No: RD/1702/01/2024 Dt: 24-01-2024

"દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીનની ફાળવણી બાબતે"

*૧૫/૪/૫૮૬: માન. ધારાસભ્યશ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ૧. | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | ૧. | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની ૧ (એક), પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની ૮ (આઠ) અને અર્બન હેલ્થ સેન્ટર માટે ૧ (એક) મળીને કુલ – ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| ૨. | મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | ૨. | ઉક્ત કુલ – ૧૦ મંજુર કરેલ અરજીઓ અન્વયે ૧૦,૮૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી. |

---

ગૃહમાં જવાબ આપવાની તારીખ: ........................

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા, સચિવાલય.
તારાંકિત પ્રશ્ન ક્રમાંક: *૧૫/૪/૫૮૬ અન્વયે વધારાની ૩(ત્રણ) નકલો સહિત.

(ડી. આર. ભમ્મર)
સંયુક્ત સચિવ (જમીન),
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

<u>નકલ રવાના:</u>

- સેક્શન અધિકારીશ્રી (બ-૧ શાખા), મહેસૂલ વિભાગ - ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:D R Bhammar
Joint Se...
Date: 2024.01.24
17:21:25 +05:30

File No: RD/PRC/e-file/15/2024/0882/G(Land)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

2024 02 06 14

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૨

## પ્રશ્નનું હાર્દ :

સરકારના વિવિધ વિભાગો/ખાતાના વડાઓને સરકારી મકાનો, કચેરી, રોડ રસ્તા, પુલોના બાંધકામ માટે મહેસૂલ વિભાગના તા. ૨૩/૦૨/૨૦૨૨ના પરિપત્ર દ્વારા ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ-(૩) હેઠળ જમીનની ફાળવણી ઝડપથી થાય અને ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી સુશાસનના ભાગરૂપે કાર્યવાહી આઇ.ઓ.આર.એ. પોર્ટલમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.

કલેક્ટરશ્રીઓ વહીવટી હુકમ-(૩) હેઠળ એક હેક્ટર (૧૦,૦૦૦ ચો.મી.) ની મર્યાદામાં જમીન તબદીલી કરી શકે છે. ઉપરાંત, ગૌચર જમીનની ફાળવણી માટે સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે.

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬

દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ)

| | |
|---|---|
| પ્રશ્ન ૧ | દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલીઓ અરજીઓ મળેલ છે ? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે નીચે મુજબની અરજીઓ મળેલ છે. |

| સમયગાળો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | અર્બન હેલ્થ સેન્ટર | કુલ |
|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૦ | ૩ | ૦ | ૧ | ૪ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૨ | ૭ | ૦ | ૦ | ૯ |
| કુલ | ૨ | ૧૦ | ૦ | ૧ | ૧૩ |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬**

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

**માન.ધારાસભ્યશ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ)**

| | |
|---|---|
| પ્રશ્ન ૨ | દાહોદ જિલ્લામાં મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજુર અથવા દફતરે કરવામાં આવેલ છે ? |
| જવાબ | ઉકત મળેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓ નામંજુર અથવા દફતરે કરવામાં આવેલ છે. |

| સમયગાળો | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર | અર્બન હેલ્થ સેન્ટર | કુલ |
|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૧ | ૨ | ૦ | ૦ | ૩ |
| કુલ | ૧ | ૨ | ૦ | ૦ | ૩ |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬

## દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

## માન.ધારાસભ્યશ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)

**પ્રશ્ન ૩**

દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અરજીઓ નામંજુર અથવા દફતરે થવાના કારણો ?

**જવાબ**

| ક્રમ | અરજદાર | ગામ / તાલુકો | હેતુ | સ.નં. / ક્ષેત્રફળ | નામંજુર દફતરેના / કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | તાલુકા આરોગ્ય અધિકારી દેવગઢ બારીઆ | ડભવા (કેળકુવા) | ડભવા (કેળકુવા) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના બાંધકામ માટે | સ.નં. ૨૫૪ ૨૫૦૦ ચો.મી. | મેડીકલ ઓફીસરના જણાવ્યા મુજબ **જમીન અનુકુળ ન હોઇ** અન્ય જગ્યાએ માંગણી કરવાની હોવાથી |
| ૨ | તાલુકા આરોગ્ય અધિકારી દેવગઢ બારીઆ | દેગાવાડા (ઝાબીઆ) | દેગાવાડા (ઝાબીઆ પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે) | સ.નં.૭૦ ૩૦૦ ચો.મી. | મેડીકલ ઓફીસરના જણાવ્યા મુજબ **અન્ય સ્થળે સબ સેન્ટર બનાવવાની વિચારણા ચાલતી હોય** સદર અરજી હાલ પુરતી દફતરે કરવા જણાવેલ હોવાથી |
| ૩ | તાલુકા આરોગ્ય અધિકારી ઝાલોદ | લીમડી | સબ સેન્ટરના બાંધકામ માટે | સ.નં.૧૨ ૫૦૦ ચો.મી. | મેડીકલ ઓફીસરના જણાવ્યા મુજબ **જમીન અનુકુળ ન હોઇ** અન્ય જગ્યાએ માંગણી કરવાની હોવાથી |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬

## દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

માન.ધારાસભ્યશ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)

| | |
|---|---|
| પ્રશ્ન ૪ | દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાળવણી કરેલ જમીનો પૈકી કયા પ્રકારની અને કેટલા ચોરસ મીટરની છે ? |
| જવાબ | ફાળવણી કરેલ જમીનોની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | જમીનની વિગત | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૧ | ગૌચર | ૧૫૦૦ ચો.મી.<br>(એક હજાર પાંચસો ચોરસ મીટર) |
| ૨ | ગામતળ | - |
| ૩ | સરકારી | ૯૩૦૦ ચો.મી.<br>(નવ હજાર ત્રણસો ચોરસ મીટર) |
| કુલ | | ૧૦૮૦૦ ચો.મી.<br>(દસ હજાર આઠસો ચોરસ મીટર) |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬**

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

**માન.ધારાસભ્યશ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા)**

| | |
|---|---|
| **પ્રશ્ન ૫** | **આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી કઈ નીતિ અંતર્ગત કરવામાં આવે છે તથા કઈ જોગવાઈ અંતર્ગત ફાળવવામાં આવે છે ?** |
| **જવાબ** | - ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ-૩ તળે જમીન વર્ગીફેર કરવામાં આવેલ છે.<br>- સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવથી થયેલ જોગવાઈ મુજબ સરકારી જમીન ફાળવવામાં આવે છે તથા ગૌચરની જમીન અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ તેમજ તા.૦૯/૦૩/૨૦૧૬ ની ગૌચર નીતિ મુજબ મહેસૂલ વિભાગની પૂર્વ પરવાનગી મેળવી જમીન ફાળવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૨**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬**

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.**

**માન.ધારાસભ્યશ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા)**

| | |
|---|---|
| **પ્રશ્ન ૬** | **જમીન ફાળવવાની સત્તા કોને છે ?** |
| **જવાબ** | **- ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ ના વહીવટી હુકમ-3 તળે જમીન વર્ગફેર કરવાના અધિકાર કલેકટરશ્રીના છે.<br>- ૧0000 ચો.મી. સરકારી જમીન વહીવટી હુકમ-3 તળે તબદિલ કરવાના અધિકાર કલેકટરશ્રીને પહોંચે છે તેથી વધુ જમીનની માંગણી હોય તો તે અંગેના અધિકાર સરકારશ્રીને પહોંચે છે.<br>- જ્યારે સરકારશ્રીની ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવાની સત્તા સરકારશ્રીના મહેસૂલ વિભાગ હસ્તક છે.** |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬

દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

| | |
|---|---|
| પ્રશ્ન ૭ | ગૌચર જમીન માટે ગૌચર ઘટ ના થાય તેના માટે કરેલ વ્યવસ્થા ? |
| જવાબ | સરકારશ્રીની નવી ગૌચર નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવામાં આવે તેની સામે તેટલી જ સરકારી જમીન ગૌચર સદરે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરની ઘટ પડતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૫૮૬

## દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી.

| પ્રશ્ન ૮ | આ હેતુ માટે જમીન ફાળવવાના ધોરણોનોર્મસ શું છે / ? |
| --- | --- |
| જવાબ | - સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવની જોગવાઈ મુજબ નીચે મુજબના નોર્મસ નક્કી થયેલ છે.<br>- પેટા આરોગ્ય કેન્દ્ર માટે ૫૦૦ ચો.મી. જમીન<br>- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચો.મી. જમીન<br>-સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ૧૦,૦૦૦ ચો.મી. જમીન |

મુખ્ય પેજ પર જાઓ